અપીલ અરજી નં.૬૭ તા.૧૭–૬–૦૮

અરજદાર: શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠક
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## હુકમ:–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠકની તા.૧૭–૪–૦૮ આઈ ડી નં.૫૮૩ થી વરાછાઝોન વિસ્તારમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પુણા–સીમાડા તથા મોટા વરાછા બાંધકામોની વિડિયોગ્રાફી સીડી અને ફોટોગ્રાફી, પુણા ગ્રામપંચાયતના ઠરાવ નં.૩૮ (૪) તા.૨૬–૩–૦૩ ની પ્રમાણિત નકલ, ઉકત ગ્રામ પંચાયતોના સરકારી યોજનાઓ અંતર્ગત બોરીંગ વ્યવસ્થા, વીજળીબીલ ચાર્જ લેનાર, ચાર્જ વખતે બાંધકામોની નોંધણી, ચાર્જ લેનાર અધિકારીનું નામ અને હોદ્દો, કેટલા લોકોના મકાન નામ પર કરવામાં આવેલા, ઈમ્પેકટ ફી, તે વિસ્તારની વોર્ડ ઓફિસના કર્મચારીની માહિતી, વ્યવસાયીક હેતુ માટે પાણીના પાઉચ અને કેરબા વેચવા બાબત સદર પાણી લેબોરેટરી ટેસ્ટીંગ વિગેરે મુદ્દા નં.૧ થી ૧૨ ની તા.૧૪–૨–૦૬ થી તા.૩૧–૩–૦૮ના સમયગાળાની માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૬–'૦૮ ની અપીલ અરજી નં.૬૭/૨૦૦૮–૦૯

શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠકની તા. ૧૭ –૪–૦૮ આઈ ડી નં.૫૮૩ થી વરાછાઝોન વિસ્તારમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પુણા–સીમાડા તથા મોટા વરાછા બાંધકામોની વિડિયોગ્રાફી સીડી અને ફોટોગ્રાફી, પુણા ગ્રામપંચાયતના ઠરાવ નં.૩૮ (૪) તા.૨૬–૩–૦૩ ની પ્રમાણિત નકલ, ઉકત ગ્રામ પંચાયતોના સરકારી યોજનાઓ અંતર્ગત બોરીંગ વ્યવસ્થા, વીજળીબીલ, ચાર્જ લેનાર, ચાર્જ વખતે બાંધકામોની નોંધણી, ચાર્જ લેનાર અધિકારીનું નામ અને હોદ્દો, કેટલા લોકોના મકાન નામ પર કરવામાં આવેલા, ઈમ્પેકટ ફી તે વિસ્તારની વોર્ડ ઓફિસના કર્મચારીની માહિતી વ્યવસાયીક હેતુ માટે પાણીના પાઉચ અને કેરબા વેચવા બાબત, સદર પાણી લેબોરેટરી ટેસ્ટીંગ વિગેરે મુદ્દા નં.૧ થી ૧૨ ની તા.૧૪–૨–૦૬ થી તા.૩૧–૩–૦૮ના સમયગાળાની માહિતી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૮૩ તા.૧૭–૫–૦૮ થી આપવામાં આવેલ માહિતી યોગ્ય સમયગાળામાં આપવામાં આવેલ નથી. બિનજરૂરી અને ખોટી માહિતી આપી ખોટી રીતે રૂા.૧૨૨/– ભરવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો અને આપેલ માહિતીમાં કોઈ વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૧ તા.૨૫–૬–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને આજ દિન સુધી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૪–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૮૩ તા.૧૭–૫–૦૮ થી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદાર તરફથી અપીલમાં રજુઆત કરવામાં આવેલ છે કે દસ્તાવેજ ફીમાં જી.ઈ.બી. ના સુમપા સેવાસદનને મોકલેલ તમામ બીલો મોકલી આપી બિનજરૂરી અને ખોટી માહિતી પૂરી પાડેલ છે જેના ખોટા પૈસા જમાં કરાવવામાં આવેલ છે. જયારે તેમનો સુમપા એ નિર્દિષ્ટ સમયગાળામાં ભરપાઈ કરેલ વીજળીબીલની નકલો માંગેલ છે તેવી અપીલમાં રજુઆત છે. અપીલમાં મુળ અરજીના અન્ય કોઈ મુદ્દા અંગે સ્પષ્ટ રજુઆત કોઈ આધારસહ અરજદારે કરેલ જણાતી નથી. જેથી અરજદારને મુદ્દા નં.૩ અંગે તેમણે માંગ્યા અનુસારની માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદાર ઈચ્છુક હોય તો આપેલ માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજ દરમ્યાન કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર દફતર નિરીક્ષણ કરી શકે છે. અરજદારે તેમ જણાવ્યેથી તેને પુરું પાડવા પણ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અરજદારના મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ માહિતીમાં આરોગ્ય અધિકારીને અરજી તબદીલ કરેલ હોવાનું જણાયેલ હોઈ અને તે તબદીલ થયેલ હોઈ ડે.કમિશ્નર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) ને દિન–૭ માં વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન/ડે.કમિશ્નર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) .. જાણ તથા અમલમાટે

(૨)શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠક,